**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 1, Issue - 1, July-Aug 2018
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Publication Date: 31/08/2018

# બાળકનું શિક્ષણ : ભાર વિનાનું ભણતર

**ચૌધરી જયશ્રી જી.**
**ડી/૬૫, વ્રજધામ સોસાયટી, એરફોર્સ સ્ટેશનની પાસે,**
**મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪.**
Email : gulabgc.62@gmail.com

**સારાંશ :** આ દુનિયામાં જન્મેલ દરેક બાળકને શિક્ષણનો અધિકાર છે તે શિક્ષણ માત્ર સાક્ષરતા લાવે તેવું નહી પણ જીવનને સાર્થક બનાવે તેવું હોવું જોઈએ. દિવસે ને દિવસે આગળ પગલાં માંડતું બાળક જ્ઞાન માહિતીથી સજ્જ હોવું જોઈએ. જે જગત અને જે દેશમાં તે રહે છે તેના સર્વ તત્વો સાથે સુમેળ સાધીને ગૌરવપૂર્વક જીવી શકે એવું શિક્ષણ બાળકને મળવું જરૂરી છે. જે દેશ અને સમાજમાં તે રહે છે અને વિકસે છે તે દેશ અને સમાજને ચાહતો થાય એવી કેળવણી તેને મળવી જોઈએ. આમ દેશનું ભાવિ જેના હાથમાં છે. એવા બાળકોને જીવન જીવવાના સાચા પાઠ ભણાવવા તેમજ દરેક કક્ષાને ધ્યાનમાં લઈ યોગ્ય માર્ગદર્શન તથા શિક્ષણ આપવું જ જોઈએ.

**સૂચક શબ્દ :** વિદ્યા સંસ્કાર, મનોભાવ, સાહજીકતા, ટી.એલ.એમ., અભિગમ, અનુબંધ, નઈતાલીમ, આધુનિક શિક્ષણ, ભાવવાહી શિક્ષણ, માર્ગદર્શન.

**"હંમેશા અને સર્વ સ્થળે ભણતર**
**પ્રત્યે રસ જાગે**
**એ બાળકને આપી શકાય તેવી**
**ઉત્તમ ભેટ છે."**

## પ્રસ્તાવના :

બાળક જ્યારે ઘરેથી શાળાએ જવા માટે નીકળે છે ત્યારે તેનું મન કોરી સ્લેટ જેવું હોય છે. ઘરથી શાળાના રસ્તા દરમિયાન ઊભા થતા તમામ પ્રસંગોને તે શાળામાં લઈને આવે છે. બાળક શાળાના ઉંબરે જ્યારે પગ મૂકે છે ત્યારે તેના મનમાં શાળા પ્રત્યેના ભાવો, શિક્ષક પ્રત્યેનો ભાવ વગેરે જેવા ભાવ તેન મુખ પર જોવા મળે છે.

બાળકને વાંચતાં, લખતાં અને ગણતાં શીખવવું એટલે શિક્ષણ થયું એવો શિક્ષણનો એક ગલત અને અધૂરો ખ્યાલ સમાજમાં દ્રઢ થયો છે. આપણે એ ખ્યાલને દુર કરવો જોઈએ.

## બાળકનું શિક્ષણ :

બાળક નાનું હોય છે ત્યારે જ એની કેળવણીનો પાયો નંખાઈ જતો હોય છે. વાંચવા લખવાનું તો બાળક પ્રાથમિક શાળામાં જશે એટલે ત્યાં શીખશે જ; પણ શાળાએ જતાં પહેલાં એને જે સંસ્કાર મળવા જોઈએ એ બાલવાડી કે આંગણવાડીનાં મળી જવા જોઈએ.

આજની શિક્ષણ વ્યવસ્થા એ બાળકોમાં પોષણની વ્યવસ્થા કરે તેવી હોવી જોઈએ. અને બાળકોનાં સર્જનાત્મકતા કેળવવી જોઈએ. તેમજ ચારિત્ર્યનું ઘડતર, માનવ મૂલ્યો, તંત્રજ્ઞાનથી શિક્ષણ-ક્ષમતા વધારનાર, બાળકોમાં ભાવિનો સામનો કરવાનો આત્મવિશ્વાસ જગાડે તેવાં શિક્ષણનાં ધ્યેયો હોવાં જોઈએ.

એક તબક્કો એવો હતો કે "સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ઘમ ઘમ" એ વાત આજે ભૂંસાઈ-ભૂલાઈ ગઈ છે. શાળાના પટાંગણમાં પગ મૂકતાં બાળક ડરતું, એ મનોભાવ આજે લુપ્ત થયો છે. આજનો બાળક તરવરાટ સાથે

શાળામાં જાય છે. આમ, બાળક 'વિદ્યા-સંસ્કાર' મેળવવા જે ભાવથી શાળામાં પ્રવેશ મેળવે છે તે ભાવનાને પોષણ મળે તો બાળકની પ્રગતિ સતત થયા કરે છે.

બાળક એવું હોય છે કે તેને ભણવાનું ગમતું નથી, સ્કુલમાં જવું ગમતું નથી, પરીક્ષા આવે છે ને બિમાર પડી જાય છે. રોજેરોજ આ કેટકેટલી સમસ્યાઓ ? આ માટે આપણે શું કરી શકીએ ? ઈશ્વરે દરેક માનવીની અંદર જિજ્ઞાસા વૃત્તિઓ મૂકી જ છે. બાળક એવું હોય છે કે તેને સતત નવું જાણવાની, નવા ચિત્રો જોવાની, નવું સાંભળવાની તેનામાં ઈચ્છા જાગ્રત થાય છે. શિક્ષકે બાળકને શિક્ષણ આપવા માટે બાળક જેવા થઈને તેને રસ પડે તેવી રીતે શિક્ષણ આપવું જોઈએ.

**ભાર વિનાનું ભણતર :**

ભાર વીનાના ભણતરનો ચારેબાજુ જોર શોરથી પ્રચાર થઈ રહ્યો છે, પણ તે કેટલે અંશે આપણે કરી શક્યા છીએ તે વિચાર્યું છે ખરૂં ? સૌથી પહેલી વાત કરીએ તો બાળકના દફતરનું વજન. દફતરનાં વજનથી આજના નાના બાળકો જાણે ભાર ઊંચકનારા મજૂરની જેમ કમ્મરેથી વળવા માંડ્યા છે. આમ, બાળક પાસે ગજા બહારની અપેક્ષાઓ રાખીને આપણે બાળકની જીંદગીને બોજ બનાવી દઈએ છીએ. બાળક એ આપણું ચાવીવાળું રમકડું નથી, કે આપણે ચાવી આપીએ એટલે આપણે તેને કહીએ તેમ નાચ્યા કરે.

સર્વપલ્લી રાધાકૃષ્ણએ કહ્યું છે, કે "બાળકની સાહજીક્તાને મૂરઝાવી ન દો;

ચોપડીમાં લખેલું છે એજ ફક્ત જ્ઞાન નથી. દુનિયામાં ચારેકોર જ્ઞાનનાં ભંડારો પડેલા છે. બાળકને ચોપડીમાંથી બહાર માથું કાઢવા દો, બહારની દુનિયામાંથી જ એ ખરુ જ્ઞાન મેળવશે. એને અનેક પ્રશ્નો પૂછવા દો, એના મગજમાં પ્રશ્ન ઊભો થાય એજ એના જ્ઞાનનું પ્રથમ પગથિયું છે. ત્યાંથી એને એક પછી એક પગથિયું ચઢવાની પ્રેરણા આપો. એના માર્ગદર્શક બનો.

બાળક એ ફૂલની કળીઓ છે, જે ફૂલનાં સ્વરૂપમાં વિકસવા માગે છે, ને તેઓને વિકસાવવા તમારે તો માત્ર તેઓના મનોભાવને હૃદયના પ્રેમરૂપી જળ વડે સિંચવાનું કાર્ય કરવાનું છે.

આજના સમયમાં બાળકને ભણાવવા માટે ટી.એલ.એમ. અગાઉથી તૈયાર કરવા જોઈએ. તે માટે પ્રાકૃતિક વાતાવરણ કે વસ્તુનો ઉપયોગ પણ કરી શકાય. એક જ ટી.એલ.એમ. ના વિવિધરૂપે પ્રયોગો કરી શકાય. વેસ્ટમાંથી બેસ્ટ અને રમતાં-રમતાં શિક્ષણની અનોખી રીત, આગવી ટેક્નીક, ખીલું-ખીલું કરતાં કુસુમોને સતત ખીલતાં રાખે તે માટે બાળમાનસને અનુરૂપ શિક્ષણ પૂર્વ તૈયારી દ્વારા અપાય તો શિક્ષણ સફળ બને. બાળકના રસ, રૂચિઓને વલણો સુદ્રઢ બને અને બાળક હસતાં-રમતાં વિષયાભિમુખ બને એવી પૂર્વ તૈયારી અને અદ્યતન-ટેક્નીક આજે જરૂરી છે.

**અભિગમ :**

કુમળો છોડ વાળીએ તેમ વળે. એ વાત શિક્ષકોએ ખાસ ધ્યાનમાં રાખી બાળકો સાથે આત્મીયતા પૂર્વક વર્તવું જોઈએ. તેમજ બાળકોમાં નીચેના અભિગમો આત્મસાત કરવા જોઈએ.

- હું હંમેશા સાચું બોલીશ.
- હું કદી ગાળ બોલીશ નહિ.
- હું મારા મિત્રો પ્રત્યે સદભાવથી વર્તીશ.
- હું વ્યસન કરીશ નહિ, રખડીશ નહિ.
- હું મારૂં કામ જાતે જ કરીશ.
- હું સ્વચ્છતા જાળવીશ.
- હું સૌ સાથે હળી મળીને પ્રેમથી રહીશ.

આપણામાં કહેવત છે, "જેવું વાવો તેવું લણો." એ ન્યાયે શરૂઆતથી જ બાળકોને પ્રેમ, સત્ય, સેવા, સાદગી, નમ્રતા, સુટેવ, સ્વચ્છતા, ત્યાગ, સમર્પણ જેવા ભાવોનું ભાવવાહી શિક્ષણ આપવાથી બાળકના સર્વાંગીણ વિકાસનાં તમામ પાસા ખુલી જાય છે. આવા સહજ, સરળ અને સુસાધ્ય સંસ્કારલક્ષી પ્રોજેક્ટથી બાળકનું જીવન મોટાભાગે

સમાજને ઉપયોગી અને રાષ્ટ્રનિર્માણના કર્તવ્યમાં દેશના ઉત્તમ નાગરિકની ભૂમિકા આપનારુ બની શિક્ષણને ઉજ્જવળ બનાવે છે.

રવિન્દ્રનાથ ટાગોર ક્યારેય સ્કુલમાં ગયા ન હતાં. અને છતાંય એ નોબેલ પ્રાઇઝ મેળવી શક્યા. વિક્રમભાઇ સારાભાઇ સ્કૂલમાં જઈને ન ભણ્યાં, છતાં પણ મોટાં વૈજ્ઞાનિક થઇ શક્યા. બાળકમાં તો અઢળક હીર પડ્યું છે, એ હીરને ઓળખવાની પારખવાની જરૂર છે.

**સમાપન :**

આલ્બર્ટ આઇન્સ્ટાઇને સાચે જ કહ્યું છે કે 'વિશ્વમાં એક પણ બાળક દુખિયારું હોય ત્યાં સુધી કોઇ શોધ મહાન નથી કે એક પણ પ્રગતિ ભવ્ય કહેવાય નહી.'

આમ, દરેક બાળકને ગુણવિકાસ, ટેવઘડતર અને કૌશલ્ય ખિલવણીની તાલીમ દ્રષ્ટિપૂર્વક, વૈજ્ઞાનિક ઢબે અને સામાજિક નિસ્બત સાથે અનુબંધ સાધીને આપવામાં આવે તો જ સાચું શિક્ષણ થાય. આનું જ નામ નઈતાલીમ, આધુનિક શિક્ષણ, ખરી સફળતા અથવા ભાર વિનાનું ભણતર.

**સંદર્ભ સૂચિ :**

૧. બાલસૃષ્ટિ મેગેજીન – ગુજરાત રાજ્ય શાળા પાઠ્ય પુસ્તક મંડળ, ગાંધીનગર, વર્ષ – ૧૫, અંક – ૧, જન્યુઆરી – ૨૦૧૪.
૨. ડૉ. મફતલાલ પટેલ, અચલા શૈક્ષણિક માસિક પત્રિકા, અમદાવાદ.
૩. श्री सतिष चतुर्वेदी, नईशिक्षा, शैक्षणिक मासिक पत्रिका, जयपुर.